# Fair Practice Code For Micro Finance

બેંક સ્વરોજગાર કરતા લોકોને માઈક્રો ફાઈનાન્સ આપે છે. લોન લેનારની ફેમિલી (લોન લેનાર, તેના પતિ કે પત્ની અને અપરણીત બાળકો) આવક વાર્ષિક રૂ.૩,૦૦,૦૦૦/- થી ઓછી હોય તેને જ માઈક્રો લોન રૂ.૫૦,૦૦૦/- સુધીની મળવાપાત્ર છે. લોન લેનારની માસિક આવકના ૫૦% થી વધારે રકમના હપ્તા ભરાતા હોય અને હાલ ચાલતી લોનમાં હપ્તા રેગ્યુલર ભરાતા ના હોય તો લોન મળવાપાત્ર નહી થાય.

(૧) માઈક્રો લોન લેવા માટે બેંકે બનાવેલ ફોર્મ ભરવાનું રહેશે અને તેની સાથે નીચેના પેપર આપવાના રહેશે.

- ફોટા
- આધાર કાર્ડ/લાઈસન્સ/મતદાર કાર્ડ
- પાન કાર્ડ/ફોર્મ-૬૦/૬૧
- ૬ માસનું બેંક સ્ટેટમેન્ટ
- આવકનો દાખલો/પગાર સ્લીપ/ઈન્કમટેકસ રીટર્ન જો હોય તો
- આવકનું ડેકલેરેશન જો આવકનો દાખલો કે ઈન્કમટેક્ષ રીટર્ન ના હોય તો
- રહેઠાણનું લાઈટ બિલ/ટેલિફોન બિલ/વેરા બિલ
- રૂ.૧૦/- જમા કરાવી નોમીનલ સભાસદ બનવાનું રહેશે
- કવોટેશન જો મશીનરી, સ્ટોક વિગેરે ખરીદવાનું હોય તો
- તમામ કાગળ સેલ્ફ એટેસ્ટેડ હોવા જોઈએ અને તે સાથે બેંક અધિકારીને ઓરિજિનલ બતાવવાના રહેશે.

(૨) લોન લેનાર વ્યક્તિએ બેંકમાં બચત ખાતું ખોલાવવાનું રહેશે તે માટે ફોર્મ ભરવાનું રહેશે અને તે સાથે KYC ના પુરાવા રજુ કરવાના રહેશે.

(૩) ઉપરોકત કાગળ મળ્યા બાદ બેંક અધિકારી લોન લેનારનો સિબિલ રીપોર્ટ ચેક કરશે, તમારી આવકનો અંદાજ લગાડશે, રહેઠાણ અને કામના સ્થળે વિઝિટ કરી તપાસ કરશે, લોન લેનારની લોન પરત ચુકવણી કરવાની ક્ષમતા તપાસી જો લોન મળવાપાત્ર હશે અને તેમને યોગ્ય લાગશે તો તેટલી લોન મંજુર કરશે અને તેની તમામ માહિતી તમને લોન મંજૂરી પત્ર આપી જણાવશે.

(૪) આ ધિરાણ હાલમાં ૧૨% ના વ્યાજના દરથી આપવામાં આવે છે. જેમાં ફેરફાર થશે તો અગાઉથી જાણ કરવામાં આવશે.

(૫) ધિરાણની મુદત વધુમાં વધુ ૩૬ માસ સુધીની રહેશે.

(૬) ધિરાણનું પેમેન્ટ મેળવવા નીચેના ધિરાણ દસ્તાવેજો કરી આપવાના રહેશે.
૧.. ડીમાન્ડ પ્રોમીસરી નોટ (૧ રૂ. સ્ટેમ્પ સાથે)
૨.. નાણાં કરજે લીધાની કબુલાત - રૂ.૩૦૦/- સ્ટેમ્પ ડયુટી ભરવાની રહેશે.
૩.. ધિરાણ મંજુરી પત્ર
૪.. અન્ય જરૂરી દસ્તાવેજો

..૨..

(૭) સામાન્ય રીતે રીકવરી અંગેની જગ્યા જે શાખામાંથી લોન મેળવેલ હોય તે રહેશે. દર માસે લોનના હપ્તાની રકમ જમા કરાવી જવાની રહેશે અને જો તેમ કરવામાં કસૂર થશે તો ના છુટકે બેંકના કર્મચારીઓને આપના રહેઠાણના કે કામકાજના સ્થળે રૂબરૂ મુલાકાત કરવાની જરૂર પડશે.

(૮) હપ્તો તથા વ્યાજ જે તે માસની ૧૦ તારીખ સુધી લોન ખાતામાં જમા કરાવવાનો રહેશે. જો કોઈ હપ્તા સમયસર ચુકવણી ના થાય તો ઓવરડયુ રકમ પર બેંક પેનલ ઈન્ટરેસ્ટ (3% ચાર્જ) કરશે. જો લોન ખાતામાં વધારે રકમ (એડવાન્સ) ભરાવવામાં આવશે તો તે માટે ચાર્જ વસુલવામાં આવશે નહી.

(૯) જો હપ્તો કે વ્યાજની રકમ ૯૦ દિવસથી વધારે બાકી રહેશે તો રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના નિતીનિયમ મુજબ આપનું ખાતું NPA થશે અને તેવા સંજોગોમાં જરૂર જણાય તો કાયદેસરની કાર્યવાહી કરવાની બેંકને ફરજ પડશે.

(૧૦) સમયસર ધિરાણની પરત ચુકવણી ન થાવાના કિસ્સામાં લોન લેનારનો CIBIL રીપોર્ટમાં તેની માહિતી મોકલવામાં આવે છે જેની અસર ભવિષ્યમાં લેવાની થતી લોન પર પડે છે.

(૧૧) બેંકના કર્મચારી સવારે ૯ થી સાંજે ૬ દરમ્યાન જ રીકવરી માટે ફોન કરશે અથવા રૂબરૂ મળવા આવશે.

(૧૨) આ ધિરાણની તમામ માહિતી સાથેની Factsheet ધિરાણ મંજુરી પત્ર સાથે આપની માહિતી માટે આપવામાં આવશે, જે વાંચી સહી કરી પરત આપવાનું રહેશે.

(૧૩) હાઉસહોલ્ડની આવકમાં જો ફેરફાર થશે (વધે કે ઘટે) તો કારણ સાથે બેંકની જાણ કરવાની રહેશે જેથી બેંક ક્રેડિટ ઈન્ફર્મેશન કંપનીમાં આવક અને તેનું કારણ બદલાવી શકે.

(૧૪) ધિરાણ લેનારને ધિરાણ બાબતની કોઈ ફરિયાદ બેંકને આપવી હોય તો શ્રી દર્શન પી. શાહ મો.નં.૯૩૭૭૧૩૦૨૧૮ નો સંપર્ક કરવો અથવા લેખીત અરજી બેંકની મુખ્ય કચેરી પર મોકલી આપવી.

તા............................ ધિરાણ કર્તાની સહી :................................